નમસ્કાર ગાંધીનગર

પમરાટ

મોણ નાંખી વારતા કરતા રહે.
સ્થાપના ખુદની ઘણાં કરતા રહે.
મિત્ર પણ કેવી કૃપા કરતા રહે.
વાત વાતે હા જી હા કરતા રહે.
કાયમી રહેવાની જીદ કરતા નથી,
આ સ્મરણ બસ આવ-જા કરતા રહે.
સ્થિર છું ને ધીર છું..કહેતાં નથી,
ઝાડવાં બસ, સાધના કરતા રહે.

- લક્ષ્મી ડોબરિયા

પાથેય

- રમેશ ઠક્કર

સીમનું અધ્યાત્મ...

આપવડાઈની આદત ના હોય એવા લોકો મળવા મુશ્કેલ છે..માણસ આ જગતમાં પોતાને જ કેન્દ્રસ્થાને માનતો રહે છે..હું કરૂં,હું કરૂં એ જ અજ્ઞાનતા એવો તાલ જાણેઅજાણે રચાઈ જાય છે..ગાડા નીચે ચાલતું કુતરૂં એવા વહેમમાં હોય કે એ મારા કારણે જ ચાલી રહ્યું છે ત્યારે એને કસાયેલા બળદોના અસ્તિત્વનો ખ્યાલ હોતો નથી..અંદરથી અધૂરપ ધરાવતો માણસ આ રીતે પોતાનું મહિમામંડન જાતે કરતો રહે અને પોતાની વાતમાં સ્વ પ્રશંસાનું મોણ નાખતો રહે એવું સ્થાપન તકલાદી જ હોઈ શકે ! આપણી સાથે હાજી હા કરતો માણસ ગમે તે હોઈ શકે પણ એ મિત્ર તો ના જ હોઈ શકે...આપણી ખુશામત કરતો દોસ્ત બાહય દ્રષ્ટિએ કૃપા કરતો હોય એવું લાગે પણ એ કૃપા છેતરામણી હોય છે..મિત્ર એવો રાખવો જોઈએ કે જે સાચી વાત કહી શકે.. માણસને ઈશ્વરે વિતેલા સમયને વાગોળવાની સગવડ કરી આપીને સખાવત કરી નાખી છે..નાકની દાંડીએ જીવતો માણસ ઘડીભર વિસ્મયને આંજી ને વિતેલી વાટનાં પદચિન્હોને નિરખે તો હવામાં હજુ પણ સુગંધ હોવાની પ્રતિતી થયા વગર રહેતી નથી..આપણું વિહવળ મન જાણેઅજાણે અતીત નું કોઈક અનુસંધાન શોધે છે ત્યારે આપોઆપ કોઈક મીઠા સંવેદનને સાંધે છે! વિતેલી પળોની પાદપુર્તિ સુખદ તો હોયજ છે પરંતુ એમાં દર્દ હોય તો પણ એ સહજ હોય છે.સ્મરણોની આવનજાવન ગજબ હોય છે..એ જીદ કરીને રોકાઈ જતાં નથી પણ એનું આવાગમન જ આપણી જિંદગીની રોનક જેવું બની જાય છે. કહેવાય છે કે સ્મૃતિ મના કોષો કાયમી હોય છે અથવા તો એનું હસ્તાંતરણ એક અજાયબ ઘટના જેવું હોય છે...ક્ષણ પહેલાંની ક્ષણોને ભુલી જતો માણસ વરસો પહેલાં ની રજકણ જેવી ક્ષણ ને પણ લાઈવ અનુભવી શકે છે...સ્મરણ નું વ્યાકરણ અકથ્ય જ નહીં અવ્યાપ પણ છે..મનગમતી કોઈ વ્યકિત..સુખદ યા સંઘર્ષમય કોક પળો..સ્થળવિશેષ.. કોઈ કિનારો..કોઈ સહારો...બધું જ જીવવા માટેનો સધિયારો બની જાય છે.અડીખમ ઉભેલું વૃક્ષ ધીરગંભીર કોઈ સન્યાસ જેવું લાગતું હોય છે..એ પોતે ક્યારેય કોઈ સાધક હોવાનો દાવો કરતાં નથી..એની એ જ મહાનતા છે..કોઈપણ પ્રકારના એલાન વગર અવિરત સાધના કરતાં ઝાડ એ સીમનું અધ્યાત્મ છે. જીવનના રિવર્સ ગિયરની પણ આગવી ગતિ હોય છે..જેના થકી થોડીક અનુકુળતા ને અનુભવી માણસ સીધી લીટીની પોતાની સફરને જીવંત સ્પર્શ આપી શકે છે.અતિત નું કોઈક ઝરણું જ આપણને ઝંકૃત કરી જાય એવું નથી હોતું..કોઈક તરણું પણ મજાનું ઓવારણું લઈને પ્રગટતું હોય છે..અવનિના અજાયબ અચરજો વચ્ચે અતિત ને ઉખેળવાની આ નિસર્ગદત્ત સાનુકુળતા એકવિધ આપણી ઉંમરને ઊર્મિઓનું ઉંજણ આપી જાય છે..જેના થકી બરડ અને બરછટ બની જતી આપણી ગતિનો કર્કશ કર્ણરવ નવો ધ્વનિ પ્રાપ્ત કરે છે..આપણા કોલાહલને કમનીય બનાવી શકે છે..વર્તમાન ના વ્યાવધાન વચ્ચે વિતેલા સમયનું જરાક અનુસંધાન સરી રહેલી ક્ષણોને સંવર્ધિત કરે છે..આપણી ગતિને નવો લય આપે છે.

વિકાસ અને લોકકલ્યાણની રાજનીતિ વિકસાવીએ

તંત્રીસ્થાનેથી...

કોઈ પણ મનુષ્ય 'સંપૂર્ણ' ન હોઈ શકે. જેમને આપણે ઈશ્વરના અવતાર ગણ્યા છે એવા મહાપુરુષોએ પણ જાણ્યે અજાણ્યે ભૂલો કરી છે. ભગવાન રામ દ્વારા વાલીનો વધ એમની વીર યોદ્ધા તરીકેની ઊંચી છાપ પર કાયમી કાળી ટીલી બની રહ્યો. એને તેઓ સામી છાતીએ નહોતા હંફાવી શક્યા. એને મારવા માટે ઝાડનું ઓઠું લેવું પડ્યું હતું. પછીની વાત જુદી છે. મરતાં મરતાં વાલીએ એના તરુણ પુત્ર અંગદનું રખોપું રામને જ સોંપ્યું હતું. કૃષ્ણને તો મહાભરતના યુદ્ધમાં ડગલેને પગલે કપટલીલા આચરવી પડીછે નહીંતર ભીષ્ણ, દ્રોણ, કર્ણ અને દુર્યોધન જેવા મહારથીઓ સામે જીતવાનું પાંડવોનું ગજું નહોતું. આપણે એમની કપટલીલાને 'શંઠ પ્રતિ શાઠ્યમ્' ગણી ઓકે કરી દીધા છે. પયગંબર સાહેબ પણ માણસ જેવા માણસ હતા. અરબસ્તાનની પરંપરા મુજબ જીવ્યા અને વર્ત્યા હોય તો એની મજાક ઉડાવવાનો આપણને કોઈ અધિકાર નથી. અંગત જીવનમાં મહાત્મા ગાંધીએ કેવા કેવા બીભત્સ પ્રયોગો કર્યા હતા તે સૌ જાણે છે કારણ કે મહાત્મા તો એમાં પણ 'સત્ય'ની જ શોધ કરતા હતા. એમણે ૩૬ વર્ષની વયે બ્રહ્મચર્ય વ્રત લીધું હતું અને એ પછી પોતાની જાત પર જ જુલમ શરૂ કર્યો હતા. કસ્તુરબાની શી વલે થઈ હશે તે કલ્પનાનો વિષય છે. લીલાવતી મુનશીએ એમની વકીલાત કરી ગાંધીજીનો ઉધડો લીધો હતો ત્યારે પતિવ્રતા કસ્તુરબાએ ગાંધીજીની ઢાલ બનીને લીલાવતીને ઠપકો આપ્યો હતો. ગાંધીજીએ બાળવયે બીડી પીધી, માંસ ખાધું, ચોરી કરી અને મિત્રના દોરવાયા ઝાંઝીબારમાં વેશ્યાલયની મુલાકાત પણ લઈ આવ્યા. આ બધું એમણે 'સત્ય ના પ્રયોગો'માં નિખાલસ શબ્દોમાં કબૂલ્યું છે. આવા માણસને આપણે 'રાષ્ટ્રપતિ' તરીકે સ્વીકાર્યા છે, એમના ફોટા ચલણી નોટો પર છાપ્યા છે. પછી ઈસુ કે પયંગબર જેવી હસ્તીઓ કે જે ગાંધીજી માટે પણ અત્યંત આદરણીય રહી છે એમનાં ખુદરાં શોધીને ખુશ થવાની શી જરૂર હતી ? ભારતીય જનતા પાર્ટીને સત્તા સુધી દોરી જનારા આદિપુરુષ અટલબિહારી વાજપેયીનું અંગત જીવન પણ વિવાદાસ્પદ હતું અને પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ કે વાજપેયીએ બાંગ્લાદેશનાં જનેતા ઈંદિરા ગાંધીને 'દુર્ગા' કહી બિરદાવેલાં તે મહાન મહાનાયિકા વિશે નહેરુના જ અંગત સચિવ મેથ્યુએ જે કંઈ લખ્યું છે તે બધું અહીં ઉતારવા જેવું નથી. આમ તો આપણે દેશી માણસ પણ પેલી કહેવતને સ્વીકારીને ચાલે છે : માણસ માત્ર ભૂલને પાત્ર ! વળી એણે જે ભૂલ કરી હશે એને જે - તે સમયગાળામાં કદાચ ભૂલ ના પણ મનાતી હોય એમ બને. શ્રીકૃષ્ણે તમામ આઠ રાણીઓ ગંધર્વ વિવાહથી મેળવી હતી. એ માંડવો રોપીને શ્વશુરગૃહે પરણવા નહોતા ગયા. લડાઈ - મારામારી - બળજબરી કરીને એમની પાછળ જીવ ન્યોચ્છાવર કરનારી પ્રેમિકાનું અપહરણ કરી લાવ્યા હતા. આજના કાયકા કાનૂન પ્રમાણે એ હિંદુ મેરેજ એક્ટ મુજબ એકથી વધુ પત્નીઓ રાખી શકે નહીં. પ્રેમિકાને ધરાર પોતાની પડખે રાખી પૂજાતા આપણા પૂર્ણ પુરુષોત્તમ વિશે જો આપણે પૂજ્ય ભાવ રાખી શકતા હોઈએ તો અન્ય ધર્માવલંબીઓના ધર્માધ્યાક્ષોની ટિપ્પણી કરવાનો આપણને કોઈ અધિકાર રહે છે ખરો ? એ સાચું કે નૂપુર કે નવીનનાં અભદ્ર વિધાનો પ્રતિક્રિયા સ્વરુપે પ્રગટેલ છે. પરંતુ એવું કેમ કરવું પડ્યું? એના મૂળમાં ધર્મને રાજકારણમાં ઘસડી લાવવાનું પાપ પડેલું છે. ધર્મને ધર્મની જગ્યાએ રહેવા દઈ લોકોની સમસ્યાઓ પર જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તે સમયની માંગ છે. રાષ્ટ્રીય પ્રવક્તા જેવી જવાબદારી સંભાળનારાઓને ક્ષુલ્લક તત્ત્વો કહી માથાની જૂની જેમ ફેંકી દેવાથી પ્રશ્ન પતી જતો નથી.

સંતાનને પૂછશો, બેટા ! તારે મને કંઈ કહેવું છે!

આરપાર
રાઘવજી માધડ

એક શિક્ષક તેઓના સંશોધન-કાર્યના માર્ગદર્શન અર્થે મળવા આવ્યા ત્યારે શાળા-શિક્ષણની થોડી વાતો ને બળાપો કાઢ્યા બાદ તેમણે કહ્યું હતું:'સર ! ખરું કહું તો વિદ્યાર્થીઓ વગર સ્કૂલમાં ગમે નહીં.'કહેવું તદ્દન સાચું હતું. જયારે કોરોનાકાળમાં સ્કૂલો બંધ હતી ત્યારે ઘણાં શિક્ષકોને આવી ચિંતા ને વ્યથા ઠાલવતાં કાનોકાન સાંભળ્યા છે. એ સર્વમાં બિરાજમાન શિક્ષકત્વને ઓનલાઈન પાયલાગણ પાઠવવા રહ્યા !

એકાદ માસના વેકશન બાદ આવતીકાલથી ફરી સ્કૂલો વિદ્યાર્થીઓના કલશોરથી ગુંજવા લાગશે. ઘણાં વિદ્યાર્થીઓ માટે આ સ્કૂલ, શિક્ષકો ને સ્ટુડન્ટસ...જાણીતા કે સાવ અજાણ્યા હશે ત્યારે તે કેવી વિસ્મય તાથી આ સ્કૂલ અંદરની નવતર દુનિયા ને જોતો, નિહાળતો હશે...તેમાં ઘરનાં ખૂણાને પણ શોધતો હશે !

પણ આ સમયે વાલી જયારે પોતાના સંતાનને સ્કૂલમાં મૂકી પાછા ફરે છે ત્યારે તેઓના મનમાં શું ચાલતું હશે...એ શોધવા ને નોંધવા જેવું છે. પ્રથમ તો સંતાનના ભાવિના ભારથી મુક્ત થયાનો અનુભવ કરતો હશે. બીજું કે હવેથી આ અમારા સંતાનના ભણતરની જવાબદારી શાળા-શિક્ષક પર છોડી હાશકારો અનુભવતા હશે. હા, સ્કૂલ સારા-નબળી હોવાનો ખોટો ખ્યાલ જો મનમાં બંધાયેલો હશે તો વળી શંકાશીલ ચિંતાનો તણખો પણ દિમાગમાં હશે:'સમાજમાં ઊંચું માથું કરી શકાય એવું મેરીટતો આવશે, લાવશે ને !?'

ટૂંકમાં આવું ઘણું કહી,લખી શકાય એવું છે. પણ માત્ર સ્કૂલ જ સંતાનનું ભાવિ તૈયાર કરી શકે અથવા સ્કૂલની સંપૂર્ણ જવાબદારી છે...આવું કોઈ વાલીનું માનવું હોયતો તદ્દન ગેરવાજબીને ભૂલભરેલું છે. સંતાન ને શિક્ષિત-દીક્ષિત સાથે જીવનઘડતર કરવાની જવાબદારી વાલીની હોય છે.તેમાંથી છટકી,બટકી કે અટકી જવા પછીનું પરિણામ આપણા કોઈથી અજાણ્યું નથી. મોટાભાગની સ્કૂલો જ્ઞાન-માહિતીનું અને વાલીઓની અપેક્ષા મુજબ પરીક્ષાલક્ષી શિક્ષણ આપે છે. તે માટે પાઠ્યપુસ્તક ભણાવે...ને પાંચ-છ કલાકમાં આથી વધારે કરી પણ શું શકે ? વળી અન્ય કામગીરીઓ અને શિક્ષક પોતાની રીતે શિક્ષણકાર્ય કરી શકે એવી સ્વતંત્રતા પણ શોધવી પડે એવું છે. કેળવણીનું કામ કે જીવનનું શિક્ષણ તો વાલી-મા-બાપ અને સમાજ દ્વારા જ સંપન્ન થાય. હા, તેમાં શાળા-શિક્ષકની એક આદર્શ ભૂમિકા 'રોલમોડેલ' હોય તેની ના નહીં.

આ વેકેશન દરમ્યાન આપણે આપણાં સંતાન પાસે કેટલું બેઠાં ? ખુલ્લા મનથી કેટલી અને કેવી વાતો કરી ? આ અંગે ખુદ સાથે આંતરસંવાદ કરવા જેવો છે. સંતાનોને ઘણું કહેવું હોય છે, તેની પાસે પણ ફરિયાદોનું એક પુસ્તકો વગરનું દફતર હોય છે...પણ જેમ સ્કૂલમાં માત્ર સવાલના જવાબ આપવાની જ પદ્ધતિ છે એમ વાલી પાસે પણ લગભગ આવું જ છે. તો સંતાન, સવાલ પૂછે કોને !? સંતાન પાસે બેસી વય પ્રમાણે વ્હાલ કરી એકવાર અખતરો કરવા જેવો ખરો :'બેટા ! તારે મને કંઈ પૂછવું, કહેવું છે ?'

હા, મોબાઈલ આડે આવીને ઊભો છે...પણ તેનું તો કોને કહેવા જવું ? હાથના કર્યા હૈયે વાગ્યા જેવું છે !

હવે તો વેકેશન કોર્ષ શરુ થયા છે. વેકેશનના વળતા દિવસે જ સંતાન તેમાં દાખલ કરી દેવાનો ...એટલે ત્યાં સારું, નવું અથવા એવું કંઈક શીખશે એ માની લેવામાં જરાય વાંધો નથી. પણ એટલો વખત મા-બાપ પાસે રહેવાનો, બેસવાનો કે સાન્નિધ્ય માણવાનો સંતાનનો સમય છીનવાઈ ગયો તે હકીકત છે. જે સમય જિંદગીમાં ફરી પાછો કયારેય આવવાનો નથી. વાલી તરીકે આપણે વ્હાલ, વસ્તુ...બધું જ આપીએ છીએ પણ સમય આપવામાં ક્યાંક કાચા ને પાછા પડીએ છીએ.કોઈએ કહ્યું છે,સંતાનને એટલો બધો છાંયડો ન આપો કે ભવિષ્યમાં તડકો સહન ન કરી શકે.વાલીના વાણી,વર્તન ને વ્યવહાર પણ સંતાન માટેની કેળ વણીનો એક ભાગ છે.રાત્રિએ ભોજન લીધા પછી સંતાન પાસે બેસીને પૂછશો : 'બેટા, તારો આજનો દિવસ કેવો રહ્યો..!?'

છેલ્લે :

વૃદ્ધાશ્રમમાં એક વૃદ્ધે કહ્યું હતું : 'ભઈ, જે તે વખતે દીકરા પાસે બેસવાનો મારા પાસે સમય નહોતો, આજે હવે દીકરા પાસે સમય નથી...' પછી ખેદ સાથે કહે : ' બાપ-દીકરાનો હિસાબ સરભર થયો !'

દિન મહિમા

- વિશ્વ બાળમજૂરી વિરોધી દિન

આજનું

ઔષધ

- ૧૦ મિલિ જાંબુના રસમાં ૨૫૦ મિ.ગ્રા સિંધા નમક મિલાવીને દરરોજ સવાર-સાંજ તેનું સેવન કરવાથી પથરી મટે છે.

ખડખડાટ

- ડોક્ટર : ક્યો સાબુ વાપરો છો ?
છગન : બજરંગનો લીમડાનો સાબુ
ડોક્ટર : ટૂથપેસ્ટ !
છગન : બજરંગની આયુર્વેદિક પેસ્ટ
ડોક્ટર : શેમ્પુ
છગન : બજરંગનું હર્બલ શેમ્પુ
ડોક્ટર : તેલ !
છગન : બજરંગનું આમળા તેલ...
ડોક્ટર આ બજરંગ નવી કંપની છે ?
છગન : ના સાહેબ બજરંગ મારો રૂમ પાર્ટનર છે.

આજનો

વોટ્સએપ

- જીવન એવું જીવો કે કોઈની આંખોમાં આંસુ આપણા લીધે નહિ પરંતુ આપણા માટે આવી જાય...!

છગનલાલનું ફોનાયણ...

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

ફોન જ્યારથી સ્માર્ટ થયા છે, માણસે એનાથી સ્માર્ટ થવું પડે છે અથવા દેખાવવું પડે છે. દેખાવવું એ સહેલું છે. પણ સ્માર્ટફોન આવવાથી છગનલાલની મુંઝવણ વધતી રહી છે. છગનલાલને એમના મિત્રો અને સંબંધીઓ રાતદિવસ આ ફોનાયણ કર્યા કરે છે એટલે છગનલાલ વિચારમાં પડી ગયા છે કે આ સ્માર્ટફોન પ્રગતિ છે કે બીજું કશુંક..

જુઓને ગઈકાલે જ પે'લી રમાબેન આવીને લાંબુ ભાષણ છગનલાલની પત્ની આગળ આવીને કરી ગઈ. કહેતી'તી, 'અમારી દેરાણી અલકા અને નણંદ ફાલ્ગુની અંદર અંદર ફોન પર વાતો કરીને પરિવારમાં હવે 'કમ્યુનિકેશન-ગેપ' ઉભો કરી દીધો છે'. છગનલાલના અનુભવી અને અડધાબહેરા કાન અને એની પાછળ આવેલું અડધું ચાલતું મગજ હવે એક તારણ પર આવી ગયા છે કે 'આ સ્માર્ટફોનથી જેટલું કમ્યુનિકેશન વધ્યું છે એટલી જ કમ્યુનિકેશન ગેપ પણ વધી છે..' છગનલાલ છત્રીસ ગ્રુપના સભ્ય છે અને બે ગ્રુપને બાદ કરતાં બધા ગ્રુપમાં પંચોતેરથી એકસો એંશી જેટલા સભ્યો છે. એટલે રોજ સવારે જન્મદિવસો અને લગ્નદિવસોની શુભકામનાઓ આપવાનો ભારે સ્ટ્રેસ રહે છે. આ જુનની પહેંલી તારીખે છસ્સો પચાસથી વધારે લોકોના જન્મદિવસ હતા. છગનલાલ બપોરે બારવાગ્યા સુધી શુભેચ્છાઓ આપવામાં થાકી ગયા. એમણે તો એક જાહેર ખબર આપી દેવાનો વિચાર કર્યો. 'જોઈએ છે, એક ભણેલો માણસ જે અમારા ફોનમાં આવતા આવા સારા નરસા પ્રસંગોને ધ્યાનમાં રાખી અમારી લાગણીઓને વહેતી રાખે.. ' પાછા અમુક જણા તો જો તમે ભુલી ગયા હો તો યાદ રાખીને ટોણો મારે.. 'છગન ! અલ્યા ગાંધીનગરમાં રહે છે એટલે બાળપણના ભાઈબંધોને ભુલી ગયો.. સા'લા એક વ્હૉટ્સેપ મેસેજ કરીને શુભેચ્છાએ ના આપી શક્યો.. બહુ મોતો માણસ થઈ ગ્યો' છે..' છગનલાલનું મન જાણે છે કે આવા હોલસેલમાં જન્મતારીખો આવતી હોય છે, ચઆમાં જુનની પહેલી તારીખ એ વિલનનંબર એક છે ત્યારે એમ થાય ભગવાને આ ટેકનોલોજી અને સ્માર્ટફોનનો ખ્યાલ કરીને ઓછા લોકોને જન્મ આપવા જેવો હતો. જો કે વિનુકાકા કહે છે આમાં ગરમી અને લગ્નો વગેરે કારણોસર એપ્રિલ-મેમાં વેક્શન હોય અને બાળકોને જુનમાં એડમિશન લેવાનું હોય એટલે મા-બાપ પોતાના કુળદીપકને એડમિશનમાં વાંધો ના આવે એટલે જુના જમાનામાં પહેલી જુને જ બધા જન્મ્યા છે એમ લખાવતા એને લીધે આજે છગનલાલના ફોનમાં ટ્રાફિકજામ સર્જાયો છે.

આ ગ્રુપોમાં પાર્ટીઓના આમંત્રણો અને શોકસંદેશાઓ એવી તો ભેળસેળ કરે છે કે ઓમ-શાંતિ લખીને તરત જ અભિનંદન લખવાનું હોય છે. એક વાર તો કોઈએ એક સભ્યના કોઈ પરિવારજનના મરણના સમાચાર લખેલા અને બીજા કોઈસભ્યે બરાબર વાંચ્યા વિના પાર્ટીનું આમંત્રણ છે અને યજમાન કેટલા જણ પાર્ટીમાં જોડાશે એમ પુછી રહ્યા છે એમ માનીને 'યસ, વીઉ' લખ્યું, (આ અત્યંત ફેશનમાં વી એટલે અમે ત્રણજણ એવું લખતા હોય છે) એ પછી તો અઢાર જણાએ પોતાની સંખ્યા લખી કાઢી, પછી વળી કોઈ ડાહ્યાને વાંચવાનો વિચાર આવ્યો ત્યારે એને ફોન કરીને બધાને ધમકાવ્યા.. 'અલ્યા જુઓ તો ખરા.. શું મંડાણા છો, આપણા સભ્યની માનું અવસાન થયેલું છે અને વાંચ્યા વિના જમવાનો ઉત્સાહ બતાવી રહ્યા છો...

છગનલાલ એક રીટયર્ડ મિત્ર જેને બધા પીજે કહે છે એ વળી આજે બીજી રામાયણ લઈને આવ્યા છે. એ છે ગાંધીનગરમાં વિકસી રહેલી 'ફોન નહીં ઉપાડવાની કલા'. છગનલાલે કહ્યું એવું ના હોય કોઈ માણસ ફોન ના ઉપાડે તો આપણે સમજી લેવાનું એ વ્યસ્ત હશે. અથવા એને આપણી સાથે વાત કરવાથી પણ વધું અગત્યના કામ હશે. અથવા ઘણા લોકોને ફોનની રીંગ ઉપરથી (જો અજાણ્યો નંબર હોય તો અને જાણીતો હોય તો પણ)ખ્યાલ આવી જાય કે આ ફોન સખત 'બોરીંગ' વાર્તાલાપ કરવા માટે જ આવ્યો હશે. જો કે વિનુકાકાનું કહેવું છે કે ફોન નહીં ઉપાડવાના ઘણા સામાજિક અર્થઘટનો કરવામાં આવે છે જેમ કે 'સંબંધ સમાપ્તિની ઘોષણા'નું આ શબ્દ સિવાયનું પાટિયું લેખાવું જોઈએ. કેટલાક અતિવ્યસ્ત લોકોઘણીવાર જવાબમાં સંદેશ લખીને જવાબ દાખવવાની દરકાર રાખતા હોય છે. આમાં 'આપણો સંબંધ ચાલું છે, પણ હું વ્યસ્ત છું માટે વાત કરો તો ટુંકમાં પતાવજો' એવી વણલિખિત સુચના પણ હોય છે. ફુલ પગાર આપીને એક પીએ રાખવો એના કરતાં રીંગતા ફોનને અવગણીને કમ્યુનિકેશન કરવાની કલા વિશે હમણાં બૌધ્ધિકોની બેઠક મળી હતી. જો કે આને 'તમે કલા કેમ કીધી' એ બાબતે ભારે ઝઘડો થતાં હવે નવેસરથી બેઠક બોલાવવામાં આવી છે અને 'ફોનની રીંગને અવગણવાને કરામત કહેવી કે કુટિલતા એ વિષય પર કદાચ આવતા રવિવારે મતદાન પણ થાય.. !

ત્રીજું તોફાન જાહેરાતોવાળાઓનું હોય છે. છગનલાલ કહે છે કે 'અમે હમણાં સ્મશાને હતા અને ત્યાં જ ઈન્સ્યોરન્સવાળી બહેન ફોન કરીને 'સાહેબ, તમે મરી જાઓ તો અમારી પાસે અનેક આકર્ષક ઓફરો છે..' છગનલાલ કહે કે કાચોપોચો માણસ તો આવી વાતો સાંભળીને જ ત્યાં રોકાઈ જાય. છગનલાલ કહે, 'અમારી ઈચ્છા પણ થઈ આવેલી ત્યાં જ ક્રેડીટકાર્ડ વાળાનો ફોન આવ્યો, તમને મફત કાર્ડ આપીએ છીએ.' છગનલાલને ક્રેડીટકાર્ડવાળાની વાતથી પોતાના ઉપર ભરોસો વધ્યો અને આ સંસારમાં રોકાઈ જવાનો નિર્ણય લીધો.

રૉંગ નંબર ઉપર અડધો કલાક વાત કરી શકતા ગોરધનભાઈ, ફોન પર જ શેરબજારમાં રોજ કશુંક ને કશુંક કમાતા કિરણભાઈ, સ્માર્ટફોનને લીધે ડાયવૉર્સ લીધેલી અંકિતા અને જેનું ફોનને લીધે ગોઠવાઈ ગયું એ ચાર્મી જેવા અનેક સગાસંબંધીઓથી ઘેરાયેલા છગનલાલને સ્માર્ટફોનના સણકા ઉપડ્યા છે. એ સમજી શક્યા નથી કે આટલો બધો સ્માર્ટ અને સદાયે મદદ માટે તત્પર એવો આ સ્માર્ટફોન કળિયુગની અસરમાં આવી આવું કેમ કરતો હશે...? "આ તો ટેકનોલોજી છે એ જીવન ટકાવે પણ ખરી અને ટુંકાવે પણ ખરી ! બટન તમારા હાથમાં છે..." છગનલાલ ઉવાચ..

બોલો, શું ખાશો ?!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

રોજ સાંજ પડે ને લગભગ દરેક ઘરમાં જો સૌથી વધુ મુંજવતો પ્રશ્ન કોઈ હોય કે પછી જે પ્રશ્નના જવાબ મેળવવામાં ઘરના દરેક સભ્યો ઊંધે માથે થઈ જતાં હોય કે પછી જે પ્રશ્નનો જવાબ આપવામાં ભલભલા ગોથે ચડી જતાં હોય કે પછી જે પ્રશ્ન ઘણીવાર ઘરમાં મીઠા ધિંગાણા કરાવી દેતો હોય એ પ્રશ્ન છે..' બોલો , ડિનરમાં શું ખાશો ? ' છે કે નહીં અઘરો સવાલ ? સાચું કહેજો ? આ એક એવો અઘરો સવાલ છે કે મને ને તમને રોજ સાંજ પડે ને મુંજવી જાય છે. એવું નથી કે ખાલી જેને આ પ્રશ્ન પૂછ્યો હોય એ જ પણ જે આ પ્રશ્ન પૂછતું હોય છે એ પણ મુંજાઈ જાય. જો તમે આ સવાલના જવાબમાં જે વાનગી બનાવવાનું કહો એ બનાવનારનું મન ના હોય એટલું જ નહીં પણ એના મનમાં બપોરના વધેલાનો કઈક સદુપયોગ કરવાનો પ્લાન દિમાગમાં રમતો હોય કે પછી પૂછનારે અગાઉથી શું બનાવવાનું છે એ નક્કી જ કરી લીધું હોય પણ તમને કે ઘરના બીજાઓને માત્ર પૂછવા ખાતર જ પૂછતા હોય એવું પણ બને..!!!! જે હોય તે.. પણ 'બોલો શું ખાશો ?' આ સવાલ આવી કોઈપણ ટર્મ્સ એન્ડ કન્ડિશન હોવા છતાં પણ તમારા લમણે લાગવાનો.. લાગવાનો.. ને લાગવાનો જ..!!!!! તમને ભલે આ પહેલો પેરેગ્રાફ વાંચીને હસવું આવતું હોય પણ આ સવાલ ' કટપ્પા ને બાહુબલી કો કયું મારા ?' કરતાં પણ વધુ ખતરનાક અને સસ્પેન્સથી ભરપૂર છે..!!!!

ઘણા શું છે કે આ બાઉન્સર પ્રશ્નના જવાબમાં ડક કરીને એવો જવાબ આપી દે કે ' છોડને આજ બહારથી કઈક મંગાવી લઈએ '.. કિન્તુ.. પરંતુ..લેકિન... રોજરોજ તો બહારથી ના મંગાવાય ને ભાય.. ક્યારેક ને ક્યારેક તો આ યક્ષપ્રશ્નનો સામનો તો કરવો પડે કે નહીં ?? જો કે પ્રશ્ન પૂછનાર (પરણિત હોય તો પત્ની જ સ્તો...!!!! અને જ્યાં પત્ની હેડ કુક નાં હોય ત્યાં માતા કે બહેન સમજવું) એકજેટ આવું જ કહેવાના ..!!! આ ઉપરાંત પણ ' રોજ રોજ બહારનું ખાઈને માંદા પડવું છે ? ' કે પછી ' પૈસા મફત આવે છે ?' આવા વધારાના પ્રશ્નોનો પણ મારો થઈ શકે છે એટલે ડહાપણ એમાં જ છે કે સર્વાનુમતે ' શું ખાશો ? ' નું સોલ્યુશન શોધવામાં આવે..!!!!! હવે આ ' સર્વાનુમતે ' આ બાબતમાં જરા અઘરું પડી શકે એમ છે.. બીકોઝ તમારે ધારો કે ભાખરી-શાક ખાવા છે પણ આ વાનગીઓના નામ પડતાં તમારા બચ્ચાવ નાકનું ટીચકું ચડાવી દે તો..??? તમારા ભાખરા – શાક માં એમને મુદ્દલે જ્યુસ નહીં પાડવાનો. એમની નજર રહેવાની પીઝા.. પાવભાજી.. સેન્ડવીચ કે ફાસ્ટફૂડ ઉપર અને માનો કે એક તબક્કે એ નક્કી પણ થાય તો તમે ' ઊંહું ' કરીને ઊભા રહેવાના..!!!! તમે બોલો વઘારેલી ખીચડી તો બચ્ચાવ કહેશે ' ઓહ નો ખીચડી ' અને બચ્ચાવ બોલે ' વડાપાઉ ' તો તમે કહેશો ' પેટ બગડે..'..!!! એક ને સેન્ડવીચ ખાવી હોય તો બીજા ને ઢોસો...! એક ને આ ભાવે નહિ ને બીજા ને બીજું...! રમખાણ મચી જાય ખાવાના નામે ભાય્સાબ...! આમાં બનાવનારનો જ મરો કે બીજું કાઈ..?

આપણે ભલે ને એમ કહીએ કે રોટી.. કપડાં અને મકાન મળી જાય એટલે આપણે ભયો ભયો..!!!! જો કે રોટી અને કપડાં કરતાં આજે સાંજે ભોજનમાં શું મળશે કે શું ખાઈશું એનો સવાલ મનોજકુમારને પણ અકળાવતો હશે એટલે તો ફિલ્મમાં પણ રોટી પર ઓછી રિલ બગાડેલી..! ખેર , વાત એ નથી કે ડિનર લઈશું પણ વાત એ છે કે બધા સમત થાય એવી કઈ વાનગી બનાવશું ? આમ તો શું છે કે આગળ લખ્યું એમ ભલે ને તમને ઘરવાળી તરફથી ઑપ્શનમાં ચાર-પાંચ ડિશોના / વાનગીઓનાં નામ આપવામાં આવે પણ મોટાભાગના કેસમાં તો અંતે ધાર્યું ' ઘરવાળી ' નું જ થતું હોય છે..!પૂરી ડીશની ડીમાંડમાં હાર્યા પછી જ્યારે ડીશમાં બટાકા-પૌવા કે પછી વઘારેલી ખીચડી આવે ત્યારે એમ જ થાય કે ' એપ્રિલ ફૂલ ' બની ગયા કે શું ? સાથે સાથે એમ પણ થાય કે અરે બાઈ.. આ જ બનાવવાનું હતું તો શું લેવાને મારો જીવ ખાધો..? આમ તો શું છે કે જો નક્કી કરવામાં ગલ્લા-તલ્લાં કર્યા કે પછી જરાક વાર લગાડી તો સમજજો કે તમારો વોટિંગ રાઈટ કેન્સલ ને ઘરવાળીનો વિટો વિજેતા..!! જો કે આમાં એમનો વાંક છે જ નહીં કેમકે મોટાભાગની ગૃહિણીઓની એક કોમન કૅમ્પલેન હશે કે રાંધતા વાર નથી લાગતી એનાથી વધુ વાર તો ખાવાનું નક્કી કરવામાં લાગી જાય છે..એટલે જો જરાક હચું-ડચું થયાં તો ગયા કામથી !

ઘણા ઘરમાં તો શું છે કે હજુ બપોરનું ભોજન પચ્યું ના હોય ત્યાં તો પેપર બહાર પડી જાય કે ' બોલો , સાંજે શું ખાશો ?' અલી બાઈ જપ કે..!!!! હજુ તો બપોરનું ' ય પચ્યું નથી ત્યાં સાંજનું..???? પણ શું છે કે એમનો કોઈ બદઈરાદો નહીં.. એમને એમ કે એક કામ પતે શું ? એમને પણ બીજા કામ હોય કે નહીં ? પણ થાય શું કે હજુ ખાનાર માંડમાંડ બપોરનું ઓહિયા કરીને બેઠું હોય ત્યાં સાંજનું નક્કી કરવું જરા કાઠું તો પડે જ..! પહેલાના જમાનામાં શાંતિ હતી કે લગભગ લંચ અને ડીનરના મેનુ ફિક્સ જ હોય. લંચ હોય તો રોટલી , શાક અને છાસની સાથે અથાણું કે પાપડ. જી હા , દાળ-ભાત તો મેમાન આવે ત્યારે જ બનતા. અને સાંજે વાળું કહેતા ડીનરમાં ખીચડી , રોટલા કે ભાખરી અને દૂધ...! બસ વાત ખતમ...ડીનર ખતમ...! પણ શું છે કે જ્યારથી આ જુદા જુદા વ્યંજનોની શોધ થવા લાગી છે ત્યારથી કોઈને આ ટીપીકલ મેનુમા રસ નથી રહ્યો. સાચું કહેજો આ ઉપર લખ્યું એ ફિક્સ મેનુ મારા ને તમારા ઘરમાં અઠવાડિયામાં કેટલીવાર ફોલો થાય છે ? બપોરનું કદાચ હજુ પણ અમુકઅંશે ફોલો થતું હશે પણ ડિનર ની વાત આવે એટલે ખીચડા-બીચડા અને રોટલા-બોટલા નું નામ પડે ત્યાં તો મોઢા ચડે મોઢા..!

હવે તમે એમ કહેશો કે બૌ ચલાવ્યું હો.. તો વાત સાચી પણ છે કેમ